પ્રસાર ભારતી
નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 02-08-2024 સવારે : 9.00 થી 9.10

- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત રાજ્યપાલોના બે દિવસીય સંમેલનની અધ્યક્ષતા કરશે.
- ✓ સીબીઆઈએ નીટ યુજી પ્રશ્નપત્ર ગેરરિતી કેસમાં 13 આરોપી સામે આરોપનામું દાખલ કર્યું
- ✓ યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ – UPI આધારિત વ્યવહારોમાં વાર્ષિક ધોરણે 35 ટકાનો વધારો થયો
- ✓ ઉત્તરાખંડમાં ભારે વરસાદને પગલે કેદારનાથ યાત્રા સ્થગિત, બે હજારથી વધુ શ્રદ્ધાળુઓને બચાવાયા
- ✓ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ પેરિસ ઓલિમ્પિકની બેડમિન્ટનની પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય સેન ચીનના ખેલાડી સામે રમશેઃ
- ✓ અને ક્રિકેટમાં આજથી ભારત-શ્રીલંકા વચ્ચે વન-ડે મેચ શ્રેણીનો કોલંબોમાં પ્રારંભ

PRESIDENT GOVERNOR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ ભવનમાં મળનારા રાજ્યપાલોના બે દિવસીય સંમેલનની અધ્યક્ષતા કરશે. નવી સરકારની રચના બાદ રાજ્યપાલોની આ પ્રથમ બેઠક છે, જેની અધ્યક્ષતા રાષ્ટ્રપતિ કરી રહ્યા છે.

બેઠકમાં તમામ રાજ્યોના રાજ્યપાલ ઉપરાંત ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, ધર્મેન્દ્ર પ્રધાન, શિવરાજ સિંહ ચૌહાણ, અશ્વિની વૈષ્ણવ અને ડૉ મનસુખ માંડવિયા સહિતના મંત્રીઓ આ સંમેલનમાં હાજરી આપશે.

આકાશવાણીના અમારા સંવાદદાતા જણાવે છે કે આ સંમેલનમાં ત્રણ ફોજદારી કાયદાઓનું અમલીકરણ, ઉચ્ચ શિક્ષણમાં સુધારા અને યુનિવર્સિટીઓની માન્યતા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરાશે. ઉપરાંત વિવિધ અભિયાનોમાં રાજ્યપાલોની ભૂમિકા તેમજ કેન્દ્રીય એજન્સીઓ વચ્ચે સંકલન સહિત અન્ય કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરાશે.

.....

PM JAPAN DELEGATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે જાપાનના પ્રતિનિધિ સભાના અધ્યક્ષ નુકાગા ફુકિશિરો અને તેમની સાથે આવેલા પ્રતિનિધિ મંડળ તેમજ વેપારીઓ સાથે મુલાકાત કરી હતી. દરમિયાન પ્રધાનમંત્રીએ જાપાન તરફથી વધુ રોકાણ માટે ભારતમાં અનુકૂળ વેપારી સ્થિતિ માટે કરાયેલા સુધારાઓનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે પ્રતિનિધિમંડળને વેપાર માટે ભારત સરકાર દ્વારા પૂર્ણ સહકારનું આશ્વાસન આપ્યું. આ બેઠકમાં ભારત અને જાપાન વચ્ચે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી, વૈશ્વિક સહકાર તેમજ પરસ્પર હિતના વિવિધ ક્ષેત્રો વિશે ચર્ચા કરવામાં આવી.

.....

PM VIETNAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન ચિન્હ સાથે દિલ્હીમાં બેઠક કરી હતી. જે બાદ બંને નેતાઓએ વિયેતનામના ન્હા તરાંગમાં ટેલિકોમ યુનિવર્સિટીનું વર્ચ્યૂઅલ ઉદ્ઘાટન કર્યું હતું. તે ભારત અને

વિયેતનામ વચ્ચેની સંયુક્ત યોજના છે. ભારતે આ પ્રોજેક્ટ માટે પાંચ મિલિયન ડૉલરની સહાય આપી છે.

.....

CBI NEET

કેન્દ્રીય તપાસ પંચ – CBIએ બિહારમાં નીટ યૂજી પ્રવેશ પરીક્ષા પેપર લીક મામલે ગઈકાલે 13 આરોપીઓ સામે પહેલું આરોપનામું દાખલ કર્યું છે.

આ આરોપનામામાં મુખ્ય આરોપી મનિષ પ્રકાશ, સિકન્દર યાદવેંદુ તેમજ 11 અન્ય સામે કેસ નોંધવામાં આવ્યા છે. બિહાર પોલીસના આર્થિક ગુનાખોરી એકમે પેપર લીક મામલે સંગઠીત કૌભાંડને ઉજાગર કર્યું હતું. 4 મેના રોજ પટણાના શાસ્ત્રી નગર પોલીસ સ્ટેશનમાં પ્રથમ કેસ નોંધાયો હતો. જે બાદ આ સમગ્ર તપાસ સીબીઆઈને સોંપી દેવાઈ હતી.

તપાસ એજન્સીએ તપાસ દરમિયાન પુરાવાઓ માટે ઉચ્ચ ફોરન્સિક તકનિક, AI, CCTV ફૂટેજ, સ્થળ વિશ્લેષણ અને અન્ય સાધનોનો ઉપયોગ કર્યો છે.

સીબીઆઈએ આ કેસમાં 58 જેટલા સ્થળોએ તપાસ કરી છે અને બિહાર પોલીસ દ્વારા 15 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ કુલ 40 આરોપીઓની ધરપકડ કરાઈ છે. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે નીટ – યૂજી પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્ર, પરીક્ષાના એક દિવસ પહેલા ઝારખંડના હજારીબાગથી લીક થયા હતા.

.....

UPI TRANSACTION

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ – UPI આધારિત વ્યવહારો જુલાઈ મહિનામાં વધીને 20.64 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા છે. નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાએ ગઈ કાલે આ અંગે અહેવાલ જાહેર કર્યો છે, જેમાં કહેવાયુ છે કે UPI ટ્રાન્ઝેક્શનમાં વાર્ષિક ધોરણે 35 ટકાનો વધારો થયો છે.

જુલાઈમાં કુલ UPI ટ્રાન્ઝેક્શનની સંખ્યા પ્રતિ માસ લગભગ 4 ટકા વધીને 14.44 અબજ થઈ છે. જ્યારે સરેરાશ દૈનિક ટ્રાન્ઝેક્શનની સંખ્યા 46.6 કરોડની આસપાસ છે. UPI પર RuPay ક્રેડિટ કાર્ડ અને વિદેશમાં તેના લોન્ચિંગને કારણે UPIમાં પ્રતિમાસ 60 લાખ નવા વપરાશકર્તાઓનો વધારો થઈ રહ્યો છે.

.....

GST

જુલાઇ મહિનામાં ચીજ વસ્તુ અને સેવા કર-જીએસટીની આવક 10.3 ટકા વધીને એક લાખ 82 હજાર કરોડ રૂપિયા થઈ છે, જે અત્યાર સુધીની ત્રીજી સૌથી વધુ આવક છે. નાણા મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ વિગતો પ્રમાણે રિફન્ડને બાદ કર્યા બાદ ચોખ્ખી જીએસટી વસુલાત આશરે એક લાખ 60 હજાર કરોડ રૂપિયા હતી, જે 14.4 ટકાની વૃધ્ધિ સૂચવે છે.

.....

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.....

KEDARNATH YATRA SUSPENDED

ઉત્તરાખંડના ટિહરી અને રુદ્રપ્રયાગ જિલ્લામાં મૂશળધાર વરસાદને કારણે કેદારનાથ યાત્રા સ્થગિત કરી દેવાઈ છે. દરમિયાન SDRF, NDRF, DDRF, પોલીસ અને જિલ્લા પ્રશાસનની ટુકડીઓએ મળીને અત્યાર સુધીમાં 2 હજાર લોકોને બચાવ્યા છે. જેમાં 425 જેટલા લોકોને ભિમબાલી, રામબાડા અને

લિંચોલીમાંથી એર લિફ્ટ કરાયા હતા, જ્યારે અગિયારસો જેટલા લોકોને સોનપ્રયાગ અને ભિમબાલી વચ્ચેથી સુરક્ષિત બહાર કઢાયા હતા.

વાયુ દળ દ્વારા બચાવ કામગીરીમાં ચિનુક અને MI-17 હેલિકોપ્ટર તેમજ ત્રણ જેટલી ATF ટેન્ક જોડવામાં આવી છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું, તેમજ રાહત શિબિરોમાં વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં 48 કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉલ્લેખનીય છે કે ઉત્તરાખંડમાં વિવિધ જિલ્લાઓમાં વરસાદ અને ભૂસ્ખલનને કારણે જુદી જુદી ઘટનાઓમાં 11 લોકોના મોત થયા છે, જ્યારે ૪ને ગંભીર રીતે ઈજા થવા પામી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડ આફતની સ્થિતિ પર નજર બનાવી રાખી છે. પ્રધાનમંત્રી કાર્યલયે આ વિશે પળેપળની માહિતી મેળવી રહ્યું છે. અને રાજ્ય સરકારને શક્ય તમામ મદદ માટેની બાહેંધરી આપવામાં આવી છે.

.....

KERALA-WAYANAD

કેરળમાં, ગઇકાલે સાંજે ચૂરલમાલા ખાતે કાર્યરત કરાયેલા નદી પરના 190 ફૂટ લાંબા બ્રિજ દ્વારા આજે સવારથી વધુ માણસો અને સાધનો વાયનાડ જિલ્લાના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાંથી ખસેડવામાં આવી રહ્યા છે.

હોનારતમાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા 281 થઈ ગઈ છે. ભૂસ્ખલનમાં ઘાયલ થયેલા 180 થી વધુ લોકો વિવિધ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. 107 લોકો હજુ પણ ગુમ છે. જિલ્લામાં 70 રાહત શિબિરોમાં 7000 થી વધુ લોકોએ શરણ લીધી છે.

.....

IMD- WEATHER

ઉત્તર પશ્ચિમ ચોમાસું આગામી બે દિવસમાં દેશના પૂર્વીય ભાગોમાં જ્યારે કે આગામી ત્રણથી ચાર દિવસમાં મધ્ય ભારતના ભાગોમાં સ્ક્રીય થશે.

દરમિયાન હવામાન વિભાગે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગોવાના કેટલાક વિસ્તારોમાં મુશળધાર વરસાદની આગાહી કરી છે.

આ ઉપરાંત વિદર્ભ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, પૂર્વીય રાજસ્થાનમાં ભારે વરસાદ પડી શકે છે. આ તરફ કર્ણાટક, કેરળ, આસામ, મેઘાલય, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળના તટિય વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. તો પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં હળવોથી મધ્ય વરસાદ વરસી શકે છે.

.....

DAY 7 OLYMPIC

પેરિસ ઑલિમ્પિકમાં આજે સાંજે બેડમિન્ટન પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં લક્ષ્ય સેન ચીનના તાઈપેઇના ચાઉ-તિયેન સામે મેચ રમશે.

બે કાંસ્ય ચંદ્રક વિજેતા મનુ ભાકર આજે બપોરે મહિલાઓની 25 મીટર પિસ્ટલ શૂટિંગ સ્પર્ધામાં ઉતરશે.

પુરુષ હૉકી પૂલ મેચમાં આજે સાંજે ભારત અને ઑસ્ટ્રેલિયા ટકરાશે. ભારતીય ટીમ અગાઉ ક્વાર્ટર ફાઇનલ માટે ક્વોલિફાઈ કરી ચૂકી છે.

જૂડોમાં મહિલાઓની 78 કિલોગ્રામ વજન વર્ગ શ્રેણીમાં ભારતના તૂલિકા માન ક્યૂબાના ખેલાડી સામે મુકાબલો કરશે. ફાઇનલ સહિત આ શ્રેણીની તમામ મેચો આજે રમાવા જઈ રહી છે.

તીરંદાજી મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ભારતના ધીરજ બોમદેવરા અને અંકિતા ભકતની જોડી ઇન્ડોનેશિયાની ટીમ સામે રમશે.

તો પારૂલ ચૌધરી એથલેટિક્સમાં મહિલાઓના પાંચ હજાર મીટર ક્વૉલિફિકેશન રાઉન્ડમાં, જ્યારે તેજેન્દ્ર પાલ સિંહ તૂર પુરુષોના શૉટ પૂટ ક્વૉલિફિકેશન રાઉન્ડમાં ઉતરશે.

ભારતીય ગૉલ્ફર ગગનજીત ભુલ્લર અને શુંભાકર શર્મા તેમજ સ્વીમર નેથરા કુમાનન તેમજ વિષ્ણુ સર્વાનન પણ આજે પોતાની સ્પર્ધામાં ઉતરશે.

.....

IND SRI LANKA CRICKET

ભારત અને શ્રીલંકા વચ્ચે ત્રણ દિવસીય ક્રિકેટ શ્રેણીનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે અઢી વાગે શરૂ થશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી આ શ્રેણીમાં રમશે. આ પૂર્વે ભારતે શ્રીલંકા સામે ટી20 મેચની શ્રેણીમાં ત્રણ શૂન્યથી જીત મેળવી હતી.

.....

OLYMPIC DAY 6

ભારતીય શૂટર સ્વપ્નિલ કુસાલેએ પુરુષો માટેની 50 મીટર રાઇફલ 3 પોઝિશનની અંતિમ મેચમાં 195 અંક સાથે ગઈકાલે ભારત માટે ત્રીજો કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

કુસાલેનાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ મધ્ય રેલવે દ્વારા પ્રમોશન આપવામાં આવ્યું છે. હાલમાં ગ્રુપ સીમાં કામ કરતા કુસાલેને હવે ગ્રૂપ બી ગેઝેટેડ કેડરમાં સ્થાન આપવામાં આવ્યું છે.

તો ગઇકાલે મોડી સાંજે બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ પેરિસ ઑલિમ્પિકના અંતિમ 16માં ચીનના હી બિંગ જિયો સામે 19-21, 14-21 થી હારી ગયા છે.

દરમિયાન અન્ય એક મેચમાં લક્ષ્ય સેને પુરુષ સિંગલ મેચમાં એચએસ પ્રણયને 21-12, 21-6થી હરાવીને પેરિસ ઑલમ્પિકના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

સાત્વિક સાંઈરાજ રેન્કી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ભારતીય પુરુષ ડબલ્સના ક્વાર્ટર ફાઇનલમાં મલેશિયાની જોડીને હરાવ્યા હતા. આમ છતાં અંતિમ રમતમાં ભારે સંઘર્ષ બાદ તેમણે 16-21 થી હારનો સામનો કરવો પડ્યો.

.....